સત્યપંથ સાહિત્ય સિરિઝ નાં. ૮

ખ્રીસ્તી થયેલ એક મુસલમાનની વારતા.

મુળ ઉર્દુ [illegible]

ગુજરાતી [illegible] —સત્યપંથી [illegible]

[illegible] J. વરતેજી.

[illegible]

હિંદુસ્થાની સાહિત્ય મંડળ.

તરફથી

આહમદભાઈ વલી નાગર.

૬—કાંઝી મોહલ્લા, [illegible] રોડ, મુંબઈ, નાં. ૯

છાપનાર—હાજીઆમદ ફઝલભાઈ સેક્રેટરી.
ધી [illegible] પ્રીન્ટીંગ પ્રેસ, ૧-૪ ડોંગરી
સ્ટ્રીટ [illegible] મુંબઈ [illegible] ૯

સંવત ૧૯૮૩ ઇ. સ. ૧૯૨૬ હી. સ. ૧૩૪૬
આવૃત્તિ પહેલી] કીંમત ૬ પાઈ [પ્રત ૧૦૦૦૦

૨૩૩ - - એ હતેઝાાર સ !!!

તદ્દન સસ્તી ચોપડીઓ!!!

આપણા ઇસમાઇલી પીરકા માટે લોકો ખોટા ખોટા [illegible] બતાવે છે! અને આપણાજ ભાઇઓ જેઓ ઇસમાઇલી પીર[illegible] ઉંચા સીધ્ધાંતોથી ના-વાકેફ હોવાથી બહાર ખોટી ખોટી આ[illegible] ઉડાવે છે, ને તેથી ઇસલામી અને બીજાઓ ટીકા કરે છે, [illegible] અમારા મંડળ તરફથી તદન સસ્તી કીમતે નાની નાની બુકો [illegible] કરી આપણા મહાન પીરોએ ઝમાનાના ઇમામના હુકમ મુજબ શુધ્ધ ઇસલામી તાલીમ હિન્દુ રૂઢી મુજબ રજુ કરીને દુન્યાને દેખાડી આપ્યું છે કે:—"ખુદાઇ ધર્મ"ની તાલીમ ઇસમાઇલી ઇમામી પીરકાના સીધ્ધાંતોથીજ કુળીભુત થાય છે, અમારા મંડલે તેવાજ શુધ્ધ હેતુથી સાહસ ખેડયો છે, તેને માટે આપણા લાગણી-વાલા ધર્મબંધુઓએ ઘટતો ટેકો આપ્યો છે પણ જો વધુ પ્રમાણમાં આપણા દીની બીરાદરો અમારા મંડલની સસ્તી બુકો સામટા પ્રમાણમાં ખરીદ કરવાની દીલાવરી દેખાડશે તો અમો તેઓના નામે ઉપકાર જાહેર કરતાં રહેશું.

હમણાં ૮ સીરીઝ બહાર પડી ચુકી છે.

(તૈયાર છે) મંગાવો (તૈયાર છે) નામ નોંધાવો.

૧ સતપંથની સજ્ઝાય	૫ આકાશી સાંકળ
૨ સતપંથની દેવીઓ	૬ એક રેલવે મુસાફર ભાગ ૧
૩ આત્મ દર્શન	૭ એક રેલવે મુસાફર ભા. ૨ [illegible]
૪ એક પાદરીનું લેકચર	૮ ખ્રીસ્તી થએલ એક મુસલમાનની [illegible]

ઉપર મુજબ ૮ સીરીઝો તૈયાર છે ને બીજી [illegible] છપાય છે. કીમત ૧ પૈસાથી એક આના સુધી[illegible] રાખવામાં આવે છે. અમારી છપાતી બુકોના ગ્રાહક [illegible] ઉત્તેજન આપવા માટે તરત લખોઃ—

ધી ઇસમાઇલી સાહિત્ય મંડળના ઓ. સેક્રેટરી.

ઠે.-જેલ રોડ, કાંડી મોહલા પો. બો. નં. ૫૦૧૭ મુંબઇ. ૯

"ખ્રિસ્તી જાળમાં સપડાયેલ શાહબુદ્દીન."

"ખ્રિસ્તિ થએલ એક મુસલમાનની વારતા."

(લખનાર—E. J વરતેજી)

પુનામાં રહેતો એક જુવાન મુસલમાન નામે 'શાહબુદીન" હતો. તેના માબાપ ગુજરી ગયાં હતાં. તેણે બીજા મુસલમાન ગૃહસ્થોની મદદથી ઇંગ્લીશ ભણતર આગળ વધાર્યું. મેટ્રીક થવાને એક વરસ બાકી હતું. દરમ્યાન તેને સ્કુલમાં ખ્રીસ્તી થએલ હીંદુ જુવાનની દોસ્તી થઇ ને તેની સહોબતના લીધે તે હીન્દુ ખ્રીસ્તીના ઘેર આવવા જવા લાગ્યો. પહેલા હીન્દુ ખ્રીસ્તીના કુટુમ્બમાં માબાપ ભાઇ બહેનો હતાં. તેની મુલાકાતમાં આવતો રહેતો હતો. સરખી વયની એક બહેન પહેલા હીન્દુ ખ્રીસ્તીની હતી. તે દેખાવડી તેમજ ચતુર હતી. તેથી આ શાહબુદીનનું દીલ તે તરફ સ્વભાવીક ખેંચાયું. રફતે રફતે મળતી મુલાકાતોમાં અરસ પરસ મહોબત વધી. પોતાના મીત્રની જાણમાં આવ્યું, ને કુટુમ્બનાઓ પણ તેથી વાકેફ થયા. પરંતુ ખ્રીસ્તી ધર્મમાં "લવ"ના નામે જે છુટ વપરાય છે. તેનો લાભ શાહબુદીને લેવા માંડયો. ને પહેલા ખ્રીસ્તી હીન્દુ કન્યા જેનું નામ "લીલાવંતી" હતું. તેને પોતા સાથે છુટીના દિવસે ફરવા જવા કબુલાત લીધી. લીલાવંતી પણ ઇંગ્લીશ સીક્સ સ્ટેન્ડર્ડ

ભણતી હતી. ને યુવાવસ્થામાં આવી હતી. તેને પોતાના "લવર" સાથે ફરવા હરવાની છુટ હતી.

નાતાલનાં દિવસો અગાઉ તેઓ બેઉ ફરવા નીકળી પડયાં. ને ભવીષ્યનાં લગ્ન કરવાની વાતો ચાલી. શાહબુદીને ઓફર કીધી. પણ લીલાવંતી ખ્રીસ્તી ધર્મ મુજબ જ્યાં સુધી શાહબુદીન, બેપટીઝમ ન લીએ, ત્યાં સુધી તેનાથી લગ્ન કરાય નહીં. એ નડતર મૂકી, શાહબુદીન જો કે મુસલમાન હતો. પરંતુ યતીમ હાલતમાં ધારમીક કેળવણી મેળવી નહોતી. ને ઇંગ્લીશ અભ્યાસે તેને સ્વતંત્ર વિચારનો બનાવ્યો હતો. તેથી ધર્મ તરીકે ખ્રીસ્તી થવામાં તેને ઝાઝો આંચકો લાગ્યો નહી. તો પણ તે ભણેલો હોવાથી તેમજ ખમીર મુસલમાન હોવાથી ઇસ્લામ મુકવા અગાઉ ખ્રીસ્તી ધર્મ વીશે જાણવા ચાહ્યું. તે પહેલી લીલાવંતીએ પોતાનાં સાવીત્રા મારફત પાદરી સાહેબની મૂલાકાત કરાવી આપવા માથે લીધું.

"શાહબુદીન ને પાદરીની વાતચીત."

શાહબુદીનઃ– નબીમહમદ સાહેબ એ આખર જમાનાના પેગમ્બર છે. ને હજરત ઇસા તે પહેલા થઇ ગયો છે. તો હજરત આદમથી થતા રહેલા પેગમ્બરો એક પછી બીજા આવનારની શરીયત કબુલ કરે છે. તે મુજબ હ. નબીમહમદ છેલ્લા પેગામ્બર હોવાથી હજરત ઇસાની શરીયત મનસુખ ગણાય. ને મનસુખ શરીયત કેવી રીતે પળાય?

પાદરીઃ—શાહબુદીન! મહમદ સાહેબ પેગામ્બરજ કયાં હતા? વળી તેઓએ જે કુરઆન લખ્યું. તેમાં પણ હજરત ઇસાને સત્ય ગણેલા છે.

શાહબુદીનઃ—તે ખરૂં હ. ઇસુ સાચા નબી હતા. વળી તેઓનાં ચમત્કારો પણ અજાયબ હતા. પણ નબી મહમદ સાહેબે તે કરતાં પણ વિશેષ ચમત્કારો કીધાં છે.

પાદરી:—તેઓના લખેલા કુરઆનમાં તો તેવું કઇ નથી. બલકે તેઓ કહે છે કે, ચમત્કારો કરવા તે મારૂં કામ નથી હું તો તમારા જેવો એક મનુષ્ય છઉં. તો પછી પેગામ્બર પણ કેમ કહી શકાય?

શાહબુદીન:—તમે મને ખોટું સમજાવો છો.

પાદરી:—કુરઆન શરીફ રજુ કરી તેમાંથી "અના બશરો કુમ મિસ્લો કુમ"ની આયાત વંચાવી.

શાહબુદીન:—ને ધર્મ જ્ઞાન ઝાઝુ નહોતું તે શંકામાં પડયો કે ખુદ મહમદ સાહેબ પોતે મનુષ્ય કહેવરાવે તો પછી તેને પેગામ્બર કેમ કહેવાય? એ શંકા થઇ.

પાદરી:—(તકસાધી) જુવો મીસ્ટર! હજરત ઇબ્રાહીમ ખલિલિલ્લાહના બે પુત્રો ઇસમાઈલ અને ઇસાક તેમાં ઇસમાઇલ તો દાસી પુત્ર હતા. ને ઇસ્હાક બીબી સારાંના વારસદાર પુત્ર હતા વળી હમેશાનો કરાર તેઓ સાથે, "યહોવા"એ કીધો છે, તે મુજબ ઇસ્હાકના વંશમાંજ પેગામ્બર થતા રહ્યા. "મુસા," "દાઉદ," "સોલેમાન," અને "ઇસા" એ બધા ઇસ્હાકના વંશમાંજ હતા. તેવી રીતે ઇસમાઇલના વંશમાં કોઇ પેગામ્બર થયોજ નથી. મહમદ સાહેબે ખોટી રીતે લોકોને ભંભેર્યા. કારણ કે તેઓને વંશપરંપરા પેગામ્બરી મળી નથી.

શાહબુદીન સપડાયો. તેને પાદરી સાહેબના શબ્દોની અસર વીજળી માફક થઇ ગઇ. અને લીલાવંતીના પ્રેમે તે પકડી રાખી. નાતાળના પ્રથમ દિવસોમાંજ શાહબુદીને બેપ્ટીઝમ લીધું. ને તે પછી તરતમાંજ લીલાવંતી સાથે લગન કીધું.

નાતાલની ખુશીયાલી અને શાહબુદીનના લીલાવંતી સાથેના લગનની ધામધુમ. એકી વખતે ઘણાંજ હર્ષ વચ્ચે પસાર થઇ. આ લગન પછી. પુનાનાં મુસલમાનોમાં ભારે કોલાહળ મચ્યો. છાપાઓમાં તરેહવાર ચરચા છપાઇ. શાહબુદીનને તીરસ્કાર

આપાયો. ખ્રીસ્તી પાદરીઓને નીંદ્યા. લીલાવંતીના, માબાપ તથા ભાઇ ભાંડુઓને ભાંડણુ થયું.

શાહબુદીનઃ—પાદરી સાહેબની દોરવણીથી એક પેમ્ફલેટ બહાર પાડયું.

"હું રાજી ખુશીથી ખ્રીસ્તી ધર્મમાં ગયો છઉં મુસલમાનો "ધારમીક દલીલ કરી. મને સમજાવે તો હું સત્ય ગૃહણ કરવા "હજી પણ તૈયાર છઉં."

ઉપલા પેમ્ફલેટ પછી મુસલમાનોની એક કમીટી મુકરર થઇ. ને શાહાબુદીનને ચેલેંજ કીધી કે—તમો તમારા પાદરીઓ સાથે, ધારમીક સંવાદ કરવા આવો. અમો ઇસ્લામની સત્યતા સાબીત કરવા તૈયાર છઇએ.

તટસ્થ "પંચ" મુકરર થયું. અને ઇસ્લામીને ખ્રીસ્તી પાદરીઓ ઠરાવેલે દિવસે ખ્રસ્તીના દેવળમાં હાજર થયા.

પ્રથમ શાહબુદીને ખુલ્લા મનથી કહ્યું "હું ખ્રીસ્તી ધર્મમાં ' સમજીને ગયો છઉં મને ખ્રીસ્તી ધર્મ સત્ય લાગ્યો છે. મહમદ "સાહેબનો પેગામ્બરી દાવો ખુદાઇ કાનુન વિરૂદ્ધ છે—જો "ઇસ્લામી મોલવીઓ સાબેત કરશે તો હું ઇસ્લામ સ્વીકારવા "તૈયાર છઉં."

મૌલવી સાહેબઃ—હમ હજરત "ઇસુ મસીહ"કો જુઠ નહીં માનતે, મગર ઇસુ મસીહને ખુદ તો પીછે આનેવાલે પેગામ્બરકી પેશની ગોઇ કીથી. વોહી મુસલમાન લોગુંકો ફેઝ પહોંચાલા.

પાદરીઃ—હ. ઇસ્માઇલ તો દાસી પુત્ર થા. ઉનકો વારસ કહાં બનાયા?

મૌલવીઃ—અબ આપ ચાહે સો કહે, કયું કે, હકબાત જો, થી મૈંને અદા કી હયે. આપ જીદ ન કરે.

સરપંચ;—પાદરી સાહેબ! અગર આપ પુરાને કરારકે

યહોવાહકી નસલ બનસલ સલતનતકો ઇન્કાર કરે, તો આપકી બાત સુનેંગે, વરના તુમ્હારી બાત મૌકુફ રખે.

પાદરી:—નહીં હમ પુરાને કરારકે કલામકો જુઠ નહીં કહે સકતે મગર નસલ બનસલ યેહ જીરમાની બાત હુઇ ઔર યેહતો રૂહુલ મુકદ્દસકી બાતેં હયેં? જો આલા દરજજેકી બાત સાબેત હોગી.

મૌલવી:—જનાબ સરપંચ સાહાબ! આપ પાદરી સાહાબકો સવાલ કીજીયે કે હજરત આદમસેં હ. ઇસુમસીહ તક, જો નસલ બનસલ સલતનત આઇ. તો ઉસમેં. રૂહુલ મુકદ્દસકા સવાલ કયોં નહીં કરતે? હજરત ઇસુમસીહકે બાઅદ કયું. યેહ સવાલ રખતેં હયે? હમ તઆજુબ હયે કે રૂહને નસલ બનસલ હોતીહી નહીં. ઇસસેં સાબીત હોતા હયે કે હજરત આદમસેં નસલ બનસલકા જો ખુદાને ફરમાયા હયે વોહ હજરત ઇસમાઇલકી ઔલાદમેંહી કાયમ રહા.

પાદરી:—તો હજરત અહમદ સાહાબકો બી કહાં ઔલાદ રહી. વોહબી "અબતર" (અપુત્ર) રહે.

મૌલવી:—ગો. કે. આપકી તકરાર કાયદેસેં બહાર હયે ફીરબી ઉસકા ખુલાસા જનાબ સરપંચ સાહાબકી મંજુરીસેં રજુ કરેંગે.

સરપંચ:—અચ્છા પહેલુ બદલના નહીં કહો આપકો કયા કહેના હયે!

મૌલવી:—જનાબ પાદરી સાહાબને જો અબતરકા લફ્ઝ પેગંબરકે વાસ્તે લગાયા હયે વો કુછ નઇ બાત નહીં હયે. મગર મુસલમાનકે દુશ્મનુંને યેહ લફ્ઝ ઇસ્તેમાલ કીયા થા.

મૌલવી:—દેખો ઉસને લીખા હયે કે

"યહોવાહાકી સલતનત હમેશાકે લીએ નસલ "બનસલ રહેંગી" ઇસસેં પાયા જાતા હયે કે યહોવાકી નસલ હમેશા

ચાલુ રહેની ચાહીએ ઔર હજરત ઇસુ મસીહકી કોઇ ઓલાદ નહીં થી.

ઇસ વાસ્તે પુરાને કરારકે કલામ મુજબ "યહોવાહ" કી સલતનત જો હમેશા રહેનેવાલી નસલ બનસલથી વોહ હજરત ઇસુ મસીહ નહીં હોતે.

પાદરી:—અગર હજરત આદમસેં ઇસુ મસીહતક નસલ ચલી હયે. તો ઇસુ મસીહ બી જુઠે નહીં ઠહેરતે.

મૌલવી:—હાં હમબી ઇસુ મસીહકો જુઠા નહીં માનતે!

પાદરી—તો ફીર આપ ક્યા કહેને ચાહતે હયે!

મૌલવી:—જનાબ પાદરી સાહાબ જરા ગૌરસેં સુનીએ.

હુમારે પુરાને કરારકે ખુદાઇ કલામ મુજબ હજરત આદમસેં નસલ બનસલ હજરત ઇબ્રાહીમ પેગંબર તક યહોવાકી સલતનત ચલી આઇ. ઉસમેં કોઇ શક નહીં. મગર હજરત ઇબ્રાહીમકો દો સાહેબઝાદેથે. બડા ઇસ્માઇલ ઔર છોટા ઇસ્હાક! હજરત ઇસમાઇલકી નસલ પેગંબરી દાવેકે સાથ હજરત મહમદ મુસ્તફા ઔર હજરત અલી તક (હજરત ઇસુ મસીહકે બાદબી) ચલી આઇ. ઔર ઇસ્હાકકી નસલ પેગમ્બરીદાઅવેકે સાથ ચલી સહી મગર હ. ઇસુ મસીહ તક આકે ઠેહર ગઇ. ચુંકે ઉસમેં ખુલાસા પુરાને કરારમેંહી દીયા હયે કે હજરત ઇબ્રાહીમકો વારસ બેટા ઇસ્માઇલ યહોવાને દીયાથા ઔર બીબી સારાનેબી વારસ હોનેકે ખાતર બીબી બનાનેકી મંજુરીદીથી. ઔર ઉસી મવાફીક હ. ઇસમાઇલ પેદા હુવે. જીસકી નસલ બનસલ હજરત મોહમદ ઔર હજરત અલી તક પહોંચી. ઔર જબ બીબી સારાને ઇસ્માઇલકી વાલેદા પર હસદ કરના શરૂ કીયા. તો યહોવાને ઉન્કોબી ફરજંદ અતા કીયા. જીસ્સે હ. ઇસુ મસીહ તક પેગંબર હુવે ઔર નસલ બનસલ હમારે સરવરે કાયેનાત જનાબ રસુલે ખુદા મહમદ મુસ્તફા હયે. વોહ

હમ ઇઝીલસેં બી સાબેત કરેંગે. મગર પહેલે જનાબ પાદરી સાહાબસેં સીર્ફ યક સ્વાલ કરતે હયૈ કે, આપ પુરાને કરારકો માનતે હયૈ યા નહીં? ઔર જો ઉસ્કો માનતે હયૈ તો પુરાને કરારમેં લીખા હુવા હયૈ કે—

"યહોવાકી સલતનત હમેશાકે લીયે નસલ બનસલ "રહેંગી" ઉસ્કો કબુલ કરતે હયૈ યા નહીં?"

ફોરન પાદરીને ખડા હોકર જવાબ દે દીયા. "હાં! હમ બેશક પુરાને કરારકો ઔર યહોવાકી સલતનતકોભી માનતે હયૈ.

મૌલવી:—યહોવા આપ કીસીકો કહેતે હયૈ. ઔર ઉનકી સલતનત કબસે શરૂ હુઇ?

પાદરી:—યહોવામેં ખુદા જો અપના નૂર ઇન્સાન રૂપમેં જાહેર કીયા, ઉસ્કો માનતે હયૈ, ઔર વોહ હજરત આદમસેં નસલ બનાસલ ચલા આ રહા હયૈ. તાંઇકે હ. ઇસુ મસીહમેં.

મૌલવી:—અચ્છા ઇસુ મસીહ કોનસી નસલમેં માને ગયે?

પાદરી:—હજરત દાઉદકી નસલમેં.

મૌલવી; નસલ બાપસેં માનતે હયૈ યા માં સે?

પાદરી: —થોડી દેર ચુપ રહેકે દેખોજી! આપ ટેડે ક્યું ચલતે હયૈ હમને કહે દીયાકે વોહ હજરત દાઉદકી નસલમેં સેથે, ખ્વાયમાં હો. યા બાપ.

મૌલવી:—અચ્છા આપકે જવાબકી કદ્ર સુનનેવાલે કરલેંગે મગર અગર આપ ફરમાઇએ કે હજરત આદમસેં નસલ બનસલ યહોવાકી સલતનત હ. ઇસુ મસીહ તક પહોંચી. વોહતો આપને ફરમાયા. મગર હ. ઇસુ મસીહકે બાઆદ વોહ સલતનત જો હમેશા રહેનેવાલી હયૈ. આજ કહાં હયૈ?

પાદરી:—કહાં? કહાં? વહી ઇસુ મસીહકે બાઆદ ઉન્કે મુરીદુમેં રૂહુલ કુદુસ ઉતરતી રહી.

મૌલવીઃ—નસલમેં રહેનેવાલી સલતનત સુરીદુમેં ક્યું આઇ?

પાદરીઃ—ઉન્કો યુંહી મંજુર થા.

મૌલવીઃ—આપ પુરાને કરારકે ખુદાઇ કલામકો જાુઠલાતે હયે!

પાદરીઃ—કયું!

મૌલવી—જીસ્કે ખાતર ખાસ ખુદા કે તરફસેં ખુલાસેકી "સુરે કવસર" નાજીલ હુઇ હયે.

હમારે પેગમ્બર સાહેબકે દો સાહેબઝાદે જબ ફૌત હુવે તો દુશમનુંને રંજદેનેકો મહમદ સાહેબકો "અબતર" (અપુત્ર) કહા મગર ખુદાને ફરમાયા હયે કે—

"ઇન્ના અઅતયના કલ કવસર"

"ફસલ્લે લેરબ્બેકા વનહર"

"ઇન્નશાનેઅક હોવલ અબતર"

યાઅાનેઃ—અએ મોહમદ મેને તુઝકો બહુત ફરજંદ અતા કીયા હએ. જો કવસર તક પહોંચેગા ઇસલીયે અલ્લાહકા શુકર બજાલા. ઔાર જો તુઝે તાઅના કરતે હયે વહી અબતર (અપુત્ર) હોગા.

ઇસ સુરાકી તફસીરમેં હ૦ જનાબ મોહમદ સાહાબને ફરમાયા હયે કે, મેરી ઔાલાદમેંસે લડકી "ફાતેમાહ" જીસ્કો હ૦ અલીકે નેકાહમેં દી ગઇ હયે. ઉન્સે નસલ બનસલ ઔાલાદ જો હોગે કવસર તક પહોંચેગી. ઉસકે સાથ યહોવાકી મઝહબી સલતનત રહેગી. ઔાર ઉનકી તાઇદમેં પેગમ્બર સાહેબને ફરમાયા હયે જો વોહ મેરી લડકીકી ઔાલાદ કે જીસ્મે તુરે ખુદા (ઇમામત) નસલ બનસલ હમેશા રહેગી. ઉનકો મજબુત થામેગા વોહ બહીસ્તી હોગા.

જૈસાકે--"વઅતસેમુ બેહુબલિલ્લાહ જમીઅંવ વલા તફેરરકુ"

યાને—મજબુત (પકડો) ખુદાકી રસ્સીકો ઇકઠ્ઠે હોકર ઔર જુદાઇ મતકરો.

પાદરીજી ખામોશ હો રહા ! શહાબુદીન સાહાબભી લા જવાબ હોગયા.

આખરે શાહબુદીનને સરપંચકી મંજુરીસે યક લેકચર મુખ્તેસર કીયા કે–

"અએ મેરે પ્યારે ઇસલામી બિરાદરો, મેને જો શુરૂમેં "ઇકરાર કીયા થા કે—અગર હક બાત ઝાહેર હોગી વોહ મેં "પસંદ કરૂંગા. તો અબ મેરા ઇરાદા ઝાહેર કરનેસેં પહેલે "ચંદ કલામ કહેને ચાહતાહું કે—

"હકીકતમેં ઇસ્લામ બેશક ખુદાઇ મઝહબ હયે મગર "હમારે બીરાદર બીલકુલ સુસ્ત હયે. ચુંકે મુઝે યેહી પાદરી "સાહાબને જો જો બાતેં સમઝાઇથી મગર મુંજકો પહેલેહીસે "બચપનમેં મઝહબી ઐસી તઆલીમ નહી મીલીથી જીસસે "પાદરી સાહાબકી બાતેંઅસર કર ગઇ. ખુદાપાકકા શુકરીયા "અદા કરતાહું કે આખીર મેરે વાસ્તે ઇસ્લામ દીન હક હયે.

"બેશક મૈને અપની ઇંગ્લીશ તઆલીમકી ધુન ઔર "જવાની કે નયે રંગમેં હકકો છોડદીયા થા. મગર મેરી જોરૂ "લીલાવંતી જીસ્કી મોહબતમેં ફસ ગયા. મગર ઉન્કી "મઝહબી તાલીમ ઔર મઝહબી કોશશ પસંદ કરનેકે કાબેલ "હયે. આજસે મેરા નીકાહ ઉસ્કે સાથકા તુટ જાતા હયે "અગર વોહભી મેરે સાથ ઇસ્લામમેં શરીક હોગી ત્યેં ઉનકો "અપની મોહરદાર બનાનેમેં બડા ખુશ રહુંગા--

હાસલ કલામ—શાહબુદીનકી જોરૂનેભી અપને શોહર કે સાથ ઇસ્લામ અખ્તીયાર કીયા ઔર નેક બખ્તી કે સાથ જીંદગી બસર કી.

શાહબુદીન ઇસ્લામમાં દાખલ થયા પછી મુંબઇમાં આવ્યો અને મુંબઇમાં ફરતાં ફરતાં પાયધુની પર ટ્રામમાં ચડતાં અખબાર વાળાઓ બુમ પાડી. અખબાર વેચતા હતા. તેમાંથી એકના પાસેથી પંજાબમાં થએલા નવા ઇસ્લામીઓની નવી બાબત વાંચવા દીલ થયું "પ્રજા મીત્ર" નામનું ગુજરાતી છાપું એક આને ખરીદ કીધું ને ટ્રામમાં બેઠક લીધી પછી વાંચવા લાગ્યો.

શાહબુદીન સાંજનો વખત હોવાથી પાલવા બંદર પર હવા ખાવા જતો હતો. તેથી ઉપલક છાપું તપાસી જોયું અને ખાસ બાબત તરીકે નવા ઇસ્લામીઓની હકીકત વાંચતાં તેને જણાયું નામદાર આગાખાન સાહેબનાં મુરીદો તરીકે નવા ઇસ્લામીઓ જાહેર થયા હતા. અને તેથી નામદાર આગાખાન સાહેબ તરફ તેનો ભકતી ભાવ ઉભરાયો.

"પ્રજા મીત્ર" ના અંતીમ ભાગ પર ખોજા શીયા ઇમામી ઇસ્માઇલીઓની બાબતમાં એક ચરચા છપાએલ જોઇને તે વાંચવા લલચાયો અને જાણ્યું નામદાર આગાખાનના મુરીદો શીયા ઇમામી ઇસ્માઇલી જમાત તરીકે મુંબઇમાં ખોજાઓ વસે છે. આ ઉપરથી પાલવાપર ફરવા આવેલ એક ખોજા ગૃહસ્થને મળ્યો ત્યાંથી ધી રીક્રીએશન કલબ ઇન્સટીટયુટનું નામ મેળવ્યું કે જે ઇશાઅતે ઇસ્લામનું કાર્ય કરનાર વગદાર મંડળ છે.

શાહબુદીનને આટલી તજવીજનું કારણ પેપરમાં જે ચર્ચા હતી તેમાં ચર્ચા પત્રીએ ઇસ્માઇલી પીરોની તાલીમના એક ગુજરાતી ભાષાના જ્ઞાન ઉપરથી કરેલી ટીકા મુખ્ય હતી જેમાં ટીકા કારે આપેલા જ્ઞાનના પાઠો તથા તેના કરેલા ગેર અર્થની સમજુતી જે નિચે મુજબ પ્રગટ થએલા હતા તે.

 ૧૩૭૬૯

પ્રજા મિત્રનો ઉતારો

(તંબુરાનો તાર.)

નવમું રૂપ હરિ બુધ્ધ અવતાર
મુંગલીરૂપ ધર્યું મોરાર
મુખ ચંચા પગ વાંકાજાણુ પગે કોશ પહેરે નિરવાણ.
છુરી કટારી બાંધે તરવાર તીર કમાન બાંધી ચડાવે હામીર
ગીરત કોડ શરીરે વહે પાસે કોધ ઉભો નરહે

ઉપલા પાઠો પરથી ઇશ્વરના અવતારોમાં નવમો બુધ્ધ અવતાર (આદમ) છે ને હજરત આદમ તે સનાતન ધર્મ મુજબ નવમો અવતાર હતો ને દસમો અવતાર હજરત આદમની નરનસલે હજરત અલી ઇશ્વરનો દસમો અવતાર છે.

શાહબુદીને ઇસ્લામમાં અવતારની માનીંતાની બાબત નવાઇ ભરેલી લાગી અને ટીકા કારે પણ પીરની એતાલીમ પર અશ્રધ્ધાથી ટીકા કરેલ હતા આથી શાહબુદીન પાલવાબંદર પરથી પરબારો રીક્રીએશન કલબમાં આવી લાગ્યો સાંજની બંદગીનો વખત હોવાથી ખોજાઓ જે કલબના મેંબરો હતા તે પોતાના ફીરકા મુજબની બંદગી કરતા જોઇને આભો બની ગયો. કારણકે બંદગીનો રીવાજ પણ તદન નવોજ દેખાયો.

બંદગી પછી રજા મેળવી કલબમાં દાખલ થયો. અને ત્યાં બેઠેલા એક પુખ્ત વયના મિસ્નરી સાથે ચર્ચા કરવા ઇચ્છા દરશાવી.

થોડીવારમાં મેમ્બરો એકઠા થઇ ગયા. અને શહાબુદીનની ચરચા સાંભળવા ગોઠવાયા.

હીન્દુ ધર્મ સાથે ઇસ્લામનો સંબંધ બતાવતાં મીશનરીએ કહ્યું કે.

આયાત:—"વ ઇન મિન ઉમ્મતિન ઇલ્લા ખલાફીહા નઝીર." સુરે ફાતેર આ. ૨૪

અર્થ:—અને પ્રાચીન પ્રજાઓમાં એક એવી પ્રજા નહોતી કે જેની અંદર એક ચેતવણી આપનાર આવી ગયેલ હોય તે હિસાબે હિન્દુ ભાઇઓ જે સનાતની છે. તેઓને પણ વેદ મારફત સંસ્કૃતમાં જે ખુદાઇ તાલીમ આદમ પહેલાંના આદમ મારફત મોકલી. તે જોતાં સનાતન ધર્મ "પ્રાચીન ઇસ્લામ" છે. અને સનાતન ધર્મ મુજબ ગીતામાં શ્રી કૃષ્ણે ફરમાવ્યા મુજબ "સંભવામી યુગે યુગે" એટલે દરેક યુગમાં હું હોઉં છું તે મુજબ આજ એટલે શ્રી કૃષ્ણ પછી બુધ (હજરત આદમ) અને હજરત અલી અવતારી પુરૂષો થયા, જેમણે સનાતનની ત્રણ જુગની તાલીમનાં સિલસીલામાં ચોથા જુગમાં સનાતનના ઉસુલોનું ખંડન કરયા વગર ચાલુ રાખી છે.

શહાબુદ્દીન:—એ માટે કંઇ પ્રમાણ છે?

મીશનરી:—હા. કુરઆને શરીફનાં કલામો અને તે માટે ઇમામોની તફસીર પ્રમાણ છે.

શહાબુદ્દીન:—બતાવવા કૃપા કરશો?

મીશનરી:—સુરે ઇબ્રાહીમમાં ફરમાવ્યું છે કે—યવમ: તોબદ્દેલુલ અરજો ગયરિલ અરજંટ.

એ આયાતની તફસીરમાં હજરત ઇમામ મહમદ બાકરે ફરમાવ્યું કે "આ દુનીયા બનાવી ત્યાર પછી સાત જાતનાં મનુષ્યો બનાવેલા હતા ને એક પછી એક અનુક્રમે આ દુનીયામાં થઇ ગયા છે. તેઓ હાલનાં માણસો મુજબ માણસો હતા. પરંતુ તેઓની આકૃતિમાં ફેરફાર હતો. અને આ ચાલુ મનુષ્યો હજરત આદમથી આઠમી જાતનાં ઇનશાનો ખુદાએ પેદા કીધા છે." આ હિસાબે થઇ ગએલાં સાત જાતના ઇનશાનો કોણ હતા? તે જાણનાર કુરઆને શરીફ મુજબ ઝમાનાના ઇમામ સિવાય બીજો કોઇ હોતો નથી. જેમકે:—

"લાયઅલમો તાવિલોહુ ઇલલ્લાહ વ રરાસેખુન ફીલઇલ્મ."

એટલે ખુદા અને રાસેખુન ફીલઇલ્મ (ઝમાનાના ઇમામ સીવાય) બીજો કોઇ ભેદની બાબત જાણતો નથી.

વળી બીજે ઠેકાણે પણ છે કેઃ—

"કુલ્લે શયઈન અહસયનાહો ફી ઇમામિમ્મોબીન."

ઝાહેર ઇમામ દરેક મુદ્દાથી જાણવામાં ભરપુર છે. એજ ઝમાનાના ઇમામ હજરત અલીથી આજ સુધી નર નસલે થએલા ઇસમાઇલી ઇમામો મારફત અને તેમણે મોકલાવેલા મહાન પીરો મારફત ઇસ્લામી તાલીમ અપાઇ તેમાં જણાવ્યું છે કેઃ—

હજરત આદમ અગાઉ થએલા સાત આદમ તે તે વખતના મનુષ્યોની હકીકત તે સનાતન ધર્મમાં બતાવેલા—ચાર કલપ અને ચાર યુગમાં બતાવેલા ઇન્શાનો છે.

શાહાબુદીનઃ—તે સાત જાતનાં ઇનશાનોનાં નામ ઠામ કંઇ વીગત છે કે?

મીશનરીઃ—હા. ચાર કલપ, જાઇલા, ફ઼ઇલા, અરજાને ખલીફા ને ચાર જુગ, સત, ત્રેતા, દવાપુર ને કળીયુગ, એ આઠ ઝમાનામાં આઠ જાતનાં ઇનશાનો હતા. જેના નામ ક્રમવાર નીચે મુજબ છે.

જખ, મેઘ, કીનર, દેવતા, એ ચાર કલપનાં મનુષ્યો અને પ્રેહ્લાદ, હરિચંદ્ર, યુધીષ્ટર, સદરદીન એ ચાર યુગનાં ભકતો.

શાહાબુદીનઃ—એ જે આઠ નામો ગણાવ્યા તે હીંદુ ધર્મમાં છે?

મીશનરીઃ—બેશક સનાતન ધર્મમા એ બધી બાબતો વિગતવાર છે ઇસમાઇલી પીરોએ ટુંકમાં મુદ્દાસર સમજાવેલ છે.

શાહાબુદીનઃ—એવું એક પ્રમાણ બતાવશો.

મીશનરીઃ—હા. ૯૯ કરોડ જખ ૫૬ કરોડ મેઘમાળા ૭૨ કરોડ કીનર ૩૩ કરોડ દેવતા.

પ કરોડ પ્રેલ્હાદ ૭ કરોડ હરીચંદ ૯ કરોડ યુધીષ્ઠર ૧૨ કરોડ પીર સદરદીન.

શાહાબુદ્દીનઃ—એ તે હીસાબ શેનો છે.

મીશનરીઃ—દરેક સમયમાં તેટલા મનુષ્યો હતા. અને તેમાં આગેવાન ભકત તરીકે થયા તેનાં નામ છે.

શાહાબુદ્દીનઃ—પીર સદરદીન કોણ હતા અને કયારે થયા?

મીશનરીઃ—એ આઠમાં સમય કળીયુગમાં આજથી ૬૦૦ વરસ પર ઇરમાઇલી ઇમામ "શાહ ઈસ્લામ શાહ"ના વખતમાં હિન્દમાં તાલીમ આપનારમાં મુખ્ય હતા. જેમણે ખોજા, મુમના, અને બીજી હીન્દુ જાતીનાં ભકતોને ઇસ્લામના દાયરામાં દાખલ કર્યા.

શાહાબુદ્દીનઃ—તો શું આજે કળીયુગ પુર્ણ થઇ ગયો મનાય છે.

મીશનરીઃ—હા. પણ જેમ સૂર્ય અસ્ત પછીનો ટાઇમ હોય છે તેમ સંધ્યાનો સમય આ વારે છે. જેમાં ઇમામ મહેદીનો ઝહુર થવાની દરેક ઇન્તેઝારી છે

શાહાબુદ્દીનઃ—તો શું ઇમામે ઝમાનના ઝહુરને હીન્દુ સનાતન ધર્મથી સંબંધ છે?

મીશનરીઃ—જી, હા. સનાતન ધર્મ મુજબ દસમો નકલંક અવતાર પ્રગટ થયો, અને ઇમામ મહેદીનું ઝહુર થવું. એ બે એકજ બીના છે.

શાહાબુદ્દીનઃ—એ કેમ મનાય? હીન્દુ ધર્મ સંસ્કૃતમાં છે. ઇસ્લામ અરબીમાં તે કેમ એક થાય??

મીશનરીઃ—સીદ્ધાંત બેઉ બાજુ એકજ પ્રકારનાં છે. આ વિષયમાં ઘણી બાબતો કહેવાની રહે છે. પરંતુ ટુંકમાં સનાતનની સંસ્કૃત તાલીમ અને કુરઆન શરીફની અરબી તાલીમની એકતાના બે દાખલા તમારી સમજ માટે રજુ કરીશકે.

સંસ્કૃતમાં ચાર કલપના નામો અગાઉ જે કહ્યાં. તે મુજબ જાયલા, ફાઇલા, અરજા, ખલીફા, એ સંસ્કૃત મુજબ છે તો ચારે કલપનાં ઝમાનાના નામો અરબી તાલીમ મુજબ કુરઆનની એક આયત થાય છે. જેનો અર્થ પણ એક સરખો નીકળે છે.

શહાબુદીનઃ—ચકિત થઇ તે કેવી રીતે?

મીશનરીઃ—જુવો.

"ઇન્ની જાએલુન ફીલઅર્ઝે ખલીફા."

એ કુરઆનની આયાતમાં ચારે કલપનાં નામો સમાઇ જાય છે. ઇન્ની શબ્દ બાદ કરો તો બાકીની આયતમાં ચાર કલપનાં નામ નીકળે છે.

જેમકે—(ઇન્ની)
જાએલુન—જાયલા
ફીલ—ફાઇલા
અર્ઝે—અરજા
ખલિફા—ખલિફા

આ રીતે ઇસ્માઇલી પીરોએ ઇસ્લામનો સંબંધ સનાતન સાથે કેવી રીતે છે તે સ્પષ્ટ કર્યું હતું

શહાબુદીનઃ—વાહ, વાહ, બીજો દાખલો પણ બતાવશો કે

મિશનરીઃ—દાખલા તો પીરોની તાલીમમાં પુષ્કળ છે. પરંતુ તમારી સમજ માટે બીજો દાખલો "ઓમ" શબ્દનો છે જેને હીન્દુ સનાતની ભાઇઓ ઇશ્વરના મહાન નામ તરીકે ઘણું માનવંતુ ગણે છે. તેવીજ રીતે એ ઓમ જેવી રીતે સંસ્કૃતમાં લખાય છે તે રીતે અરબીમાં અલી લખાય છે.

શહાબુદીન—હંએ

મીશનરી—

જુવો ઓમ સંસ્કૃતમાં ઉપર મુજબ લખાય છે. ત્યારે એજ ઓમ ॥ નક્શમાં અલી અરબીમાં પણ વંચાય છે. શહાબુદીન

અરબ્બી પઢેલો હતો. તેથી તરતજ ઓમને અલી તરીકે જોઇ બોલી ઉઠયો.

"અલ્લાહો અકબર" !! આતો તદન અજાયબી !!!

મીશનરીઃ—આ રીતે સનાતન ધર્મ ત્રણ યુગમાં આદમની અગાઉ પ્રાચીન ઇસ્લામ ધર્મ હતો. તેજ અત્યારે અરવાચીન સનાતન તરીકે ઇસ્લામના નામથી જાહેર છે. આ એકતા ઇસ્માઇલી પીરો સિવાય બીજા કોઇ આલીમે અત્યાર સુધી જણાવી નહોતી. અને તેથી સાબીત થાય છે કે કુરઆનનાં ભેદની બાબત "ખલિફતલ્લાહ" એટલે ઝમાનાના ઇમામ વીગર બીજો કોઇ જાણતું નથી.

વળી—આ ઓમ અલીની એકતાની બાબતમાં એક શાયરે રૂબાઇ લખી છે. તે સમજવા યોગ્ય છે.

કે – કારણ કે ઓમ અલી છે તે કુરઆનમાં સુરે ઝખરફની ૪ થી આયાતમાં છે. તેથી

નક્ષે અલીકો વેદકે દરમ્યાન દેખીએ
વઇન્નહુ ફી ઓમ દર કુરઆન દેખીએ
હીન્દુ વ મુસલમાનકી યકતાઇ હુબહુ
હાં યેહ ઝહુરે મેહેંદીકા સામાન દેખીએ

આ વાતો ઉપરથી શહાબુદ્દીને ઇમામે ઝમાનની બએત લેવાની પોતાની ફરજ વિચારી અને મીશનરીને ઇચ્છા બતાવી. પરંતુ મીશનરીએ તેમને દીલાસો આપતાં કહ્યું કે તમો અવાર નવાર કલબમાં આવતા રહેશો, તો હજી ઘણી બાબતો આપને જાણવા મળશે. કારણ કે અમારી તાલીમ તસવુફ મુજબ હકીકતી ઇસ્લામની હોવાથી તમોને કેટલુંક વધુ જાણવાની જરૂરત છે. પછી જેમ કહો છો તેમ થશે.

ધી ઇસ્માઇલી સાહીત્ય
મંડળના કાર્યવાહકોના નામો.

પ્રમુખઃ—મુખી લાલજીભાઇ દેવરાજ.

સેક્રેટરી અને ખજાનચી } શ્રી૦ તારમામદભાઇ રવજી.

જોઇન્ટ સેક્રેટરી—શ્રી૦ મોહમદભાઇ વલી નાઝર

મેમ્બરઃ શ્રી૦ પીરભાઇ મહેરઅલી.

" શ્રી૦ અલીભાઇ પરસ્તાન.

" શ્રી૦ વીરજીમભાઇ મુલજી.

" શ્રી૦ કાસમભાઇ દેવરાજ.

" શ્રી૦ જુમાભાઇ પીરભાઇ.

" શ્રી૦ દાઉદમોહમદભાઇ ફાજલ.

લેખકઃ—શ્રી૦ વરતેજી, શ્રી૦ ભગત શ્રી૦ સીનરૂ

તથા બીજા મિત્રશ્રીઓ પણ કામ કરતા રહેશે.